| કુલ ગુણ | 100 |
|---|---|

# P-1

પરીક્ષાર્થીનો:
બેઠક ક્રમાંક

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

પરીક્ષનો બ્લૉક નંબર : 
પરીક્ષાર્થીની સહી......... બ્લૉક સુપરવાઇઝરની સહી : ................

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી**

પરીક્ષાર્થીને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે :
ગુજરાતનું પાટનગર કયું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) બડનગર (D) પાટણ
જવાબવહી (Answer Sheet) માં
(A) (B) (C) (D)
ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે આથી "B નું વર્તુળ કાળું" (encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં "ગાંધીનગર" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર પરીક્ષાર્થીને મળે તરત જ ઉત્તરપત્ર (Answer Sheet) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાને રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ (1) એક ગુણ મળવાપાત્ર થશે છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબના ગુણ મળવાપાત્ર નથી માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (No negative marking system)

(5) ઉત્તરપત્ર (OMR Sheet) માં બ્લોક સુપરવાઇજરની સહી લેવી આવશ્યક છે બ્લોક સુપરવાઇજરની સહી વગરનું ઉત્તરપત્ર (OMR Sheet) તપાસવામાં આવશે નહી.

(6) ઉત્તરપત્ર (OMR Sheet) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાનો સખ્ત મનાઇ છે તેમ છતા પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR Sheet) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇજર બનેની સહી ફરજીયાત છે અને સહી વિનાના ઉત્તરપત્ર (OMR Sheet) વાળા પરીક્ષાર્થી ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય ગાઇડ, અન્ય સ્લીપો, કાપલી, માર્ગદર્શિકા, હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, કેલક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો, પેજર, મોબાઇલ ફોન હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી.

(10) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(11) ઉમેદવારે વાદળી/કાળી બોલપાઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહી બ્લેક કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR Sheet) બ્લોક સુપરવાઇજરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષાા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

## SPACE FOR ROUGH WORK

(1) નીચેનામાંથી કઈ શિક્ષા એ મોટી શિક્ષા નથી ?

(A) ફરજીયાત નિવૃત્તિ

(B) ઇજાફા અથવા બઢતીની રુકાવટ

(C) ભવિષ્યમાં સરકારી નોકરી માટે તે ગેરલાયક ઠરે નહિ તે રીતે નોકરી માંથી રુખસદ

(D) ભવિષ્યમાં સરકારી નોકરી માટે સામાન્ય રીતે ગેરલાયક ઠરે તે રીતે નોકરીમાંથી બરતરફી

(2) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 મુજબ 'શિસ્ત અધિકારી' એટલે કયા નિયમમાં દર્શાવેલ શિક્ષા સરકારી કર્મચારીને કરવાની સત્તા ધરાવતા અધિકારી ?

(A) નિયમ 6 (B) નિયમ 19

(C) નિયમ 21 (D) નિયમ 26

(3) સેવા ઉછીની આપનાર અધિકારીને સરકારી કર્મચારીની ફરજ મોકૂફી માટે શિસ્ત ભંગની કાર્યવાહી શરુ થયા અંગેની જાણ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ના કયા નિયમ મુજબ તાત્કાલિક કરવી ?

(A) નિયમ 15 (B) નિયમ 16

(C) નિયમ 3 (D) નિયમ 4

(4) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ના નિયમ 19 મુજબ સામાન્ય સંજોગોમાં કેટલા દિવસમાં અપીલ કરવામાં ન આવી હોય તો ધ્યાને લેવામાં આવશે નહિ ?

(A) 30 (B) 10

(C) 45 (D) 90

(5) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 ના નિયમ 23 મુજબ શિસ્ત ભંગ કેસોમાં હુકમોની પુનર્વિચારણા અંગે હુકમની તારીખથી કેટલો સમય પૂરો થયા પછી કોઈ પણ પગલું ભરી શકાશે નહિ ?

(A) હુકમની તારીખથી 6 મહિના કરતા વધુ સમય

(B) હુકમની તારીખ થી 12 મહિના કરતા વધુ સમય

(C) હુકમની તારીખથી 3 મહિના વધુ સમય

(D) હુકમની તારીખ થી 9 મહિના વધુ સમય

(6) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, 1971 ગુજરાત સરકારના કયા વિભાગે તૈયાર કર્યા છે ?

(A) સામાન્ય વહીવટી વિભાગ (B) શિક્ષણ વિભાગ

(C) નાણા વિભાગ (D) મહેસૂલ વિભાગ

(7) આપની કચેરીના એક સરકારી કર્મચારી / અધિકારી તેમના પુત્રના લગ્ન વખતે કન્યાના પિતા પાસેથી દાયજાની માંગણી કરે છે. આ બાબત ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, 1971 ના કયા નિયમનો ભંગ થયેલ દર્શાવે છે ?

(A) નિયમ 13 (ક) (B) નિયમ 13 (ખ)

(C) નિયમ 13 (ગ) (D) નિયમ 13 (ઘ)

(8) દરેક સરકારી કર્મચારીએ એ જોવું જોઈએ કે પોતાના બાળકોની સંખ્યા ત્રણ કરતા વધે નહિ - આ બાબતનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે શેમાં જોવા મળે છે ?

(A) ગુજરાત મુલ્કી સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો 1967

(B) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો 2002

(C) ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1978

(D) ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂક) નિયમો 1971

(9) "કામ કરતી મહિલાઓની જાતીય સતામણીની મનાઈ" એ ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂક) નિયમ 1971 ના કયા નિયમમાં દર્શાવેલ છે ?

(A) 3 - ક
(B) 3 - ખ
(C) 3 - ગ
(D) 3 - ઘ

(10) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો 1971 ના નિયમ 10 માં નીચેનામાંથી શેનો સ્પષ્ટ ઉલ્લેખ છે ?

(A) માહિતીના અધિકાર અધિનિયમ
(B) મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર
(C) દહેજ પ્રતિબંધક અધિનિયમ
(D) લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમ

(11) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો 1971 ના નિયમ ૧૨ નીચેનામાંથી કઈ બાબતને સ્પર્શે છે ?

(A) ખાનગી ધંધો અથવા રોજગાર
(B) દાયજો
(C) ફાળો
(D) ભેંટ

(12) જો કોઈ સરકારી કર્મચારી ફરજ પ્રત્યે નિષ્ઠા ન રાખે તો તેણે ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો 1971 ના કયા નિયમનું પાલન ન કર્યું એમ કહેવાય ?

(A) નિયમ 2 (1)
(B) નિયમ 3 (1)
(C) નિયમ 5 (1)
(D) નિયમ 6 (1)

(13) સરકારી રાજ્યપત્રિત અધિકારીએ દર વર્ષે પોતાના સ્થાવર અને જંગમ મિલકતોની વિગત દર્શાવતું પત્રક સામાન્યતઃ ક્યારે ભરવાનું હોય છે ?

(A) 31 મી ડીસેમ્બરના રોજ
(B) 1 લી જાન્યુઆરીના રોજ
(C) 1 લી જુલાઈ ના રોજ
(D) 1 લી એપ્રિલ ના રોજ

(14) જો કોઈ સરકારી કર્મચારી રેડીઓ ચેનલ પર રાજ્ય સરકારની વર્તમાન નીતિ અંગે ટીકારૂપ મંતવ્ય રજૂ કરે તો ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો 1971 ના કયા નિયમનું પાલન ન કર્યું એમ કહેવાય ?

(A) નિયમ 4
(B) નિયમ 7
(C) નિયમ 10
(D) નિયમ 9

(15) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો 1971 મુજબ સરકારી કર્મચારી સરકારની પૂર્વ મંજુરી વિના નીચેનામાંથી કયું કાર્ય કરી શકે નહિ ?

(A) શિખાઉ તરીકે રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે નહિ
(B) સામાજિક પ્રકારનું માનદ કામ હાથ ધરી શકે નહિ
(C) સાહિત્ય કળા વિષયક પ્રાસંગિક કામ હાથ ધરી શકશે નહિ
(D) પોતાની પત્ની દ્વારા હાથ ધરાયેલ ધંધા માટે નાણાની જોગવાઈ કરી શકશે નહિ

(16) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 ના કયા નિયમમા 'વ્યક્તિના ચારિત્ર્ય' અંગેની બાબતોનો સમાવેશ થાય છે ?

(A) નિયમ 4
(B) નિયમ 5
(C) નિયમ 6
(D) નિયમ 7

(17) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 ના નિયમ 10 ક મુજબ સીધી પસંદગીથી વર્ગ 1 અથવા વર્ગ 2 ની સેવા અથવા જગા ઉપર નીમાયેલા ઉમેદવારને કેટલા વર્ષની મુદત સુધી સામાન્ય રીતે પ્રોબેશન ઉપર રાખવામાં આવે ?

(A) 1 વર્ષ
(B) 2 વર્ષ
(C) 3 વર્ષ
(D) 4 વર્ષ

(18) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 ના કયા નિયમ મુજબ "દ્વિપત્નીત્વ અથવા દ્વિપતિત્વ માટેની ગેરલાયકાતો" સંબંધી જોગવાઈ દર્શાવેલ છે ?

(A) નિયમ 9
(B) નિયમ 10
(C) નિયમ 13
(D) નિયમ 14

(19) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 ના નિયમ 10 ક મુજબ સીધી પસંદગીથી વર્ગ 3 ની સેવા અથવા જગા ઉપર નીમાયેલા ઉમેદવારને કેટલા વર્ષની મુદત સુધી સામાન્ય રીતે પ્રોબેશન ઉપર રાખવામાં આવે ?

(A) 1 વર્ષ
(B) 2 વર્ષ
(C) 3 વર્ષ
(D) 4 વર્ષ

(20) તમે હાલ વર્ગ 3 ની જગા પર ફરજ બજાવો છો. તમારી હાલની જગા પર કેટલા વર્ષનો અનુભવ હોય તો તમે વર્ગ 2 ની સેવામાં બઢતી માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 મુજબ લાયક બનશો ?

(A) 8 વર્ષ
(B) 7 વર્ષ
(C) 3 વર્ષ
(D) 5 વર્ષ

(21) સરકારી નોકરીમાં જોડાનાર ભારતના નાગરિકત્વ સંબંધી શરતો ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 ના કયા નિયમો મુજબ બહાર પાડવામાં આવેલ છે ?

(A) નિયમ 3
(B) નિયમ 4
(C) નિયમ 7
(D) નિયમ 8

(22) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 માં 'નિમ્ન કક્ષાની સેવામાં નોકરી અથવા જગા ઉપર નિમણૂક' અંગેની બાબતોનો ઉલ્લેખ કયા નિયમમાં જોવા મળે છે ?

(A) નિયમ 8
(B) નિયમ 9
(C) નિયમ 10
(D) નિયમ 11

(23) સરકારી કર્મચારી બઢતીનો અસ્વીકાર કરવાના કારણો સહિતની અરજી કોને કરી શકે ?

(A) બઢતી અધિકારીને
(B) નિમણૂક સત્તાધિકારીને
(C) રાજ્ય સરકારને
(D) વિભાગના વડાને

(24) ગુજરાત રાજ્યની મુલ્કી સેવાનું રાજ્ય સરકારના હુકમો મુજબ કેટલા વર્ગોમાં વર્ગીકરણ કરેલ છે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

(25) ભારતના સંવિધાનમાં કયા અનુચ્છેદ મુજબ મળેલ સત્તાની રુએ ગુજરાત સરકારે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 બહાર પડેલ છે ?

(A) 306
(B) 307
(C) 308
(D) 309

(26) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 હેઠળ કઈ રજા માન્યતા પ્રાપ્ત રજા નથી ?

(A) પ્રાપ્ત રજા
(B) અર્ધપગારી રજા
(C) પ્રસૂતિ રજા
(D) પ્રાસંગિક રજા

(27) શિક્ષણ નિરીક્ષકની પ્રાપ્ત રજા, અર્ધપગારી રજા અને અસાધારણ રજા જોડી 420 રજાઓ સંયુક્ત રીતે મંજૂર કરવા માટે કોની સહમતી લેવી જરૂરી છે ?

(A) શિક્ષણ વિભાગ (B) નાણા વિભાગ

(C) અગ્ર સચિવ (D) કમિશ્નર ઓફ સ્કૂલ

(28) એક નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની નિમણૂંક તારીખ : 02/02/2019 છે તો તેમને નોકરીના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા માટે તેની રજાની સિલકમાં કેટલી પ્રાપ્ત રજા એડવાન્સમાં જમા થાય ?

(A) 10 (B) 15

(C) 12.5 (D) 13

(29) રજા પ્રવાસ રાહત સમયે રજાનું રોકડમાં રૂપાંતર કરવા માટે સરકારી કર્મચારીની આવી ભોગવેલ રજા ઉધાર્યા બાદ તેમની રજાની સિલકમાં ઓછામાં ઓછી કેટલી પ્રાપ્ત રજા જમા રહેવી જોઈએ ?

(A) 15 (B) 10

(C) 30 (D) 45

(30) ફિક્સ પગારમાં જોડાયેલા વર્ગ-3 ના સરકારી કર્મચારીના ખાતામાં વધુમાં વધુ કેટલી ખાસ રજા જમા થઈ શકે ?

(A) 15 (B) 30

(C) 20 (D) 45

(31) નાણા વિભાગના તારીખ : 16/01/2015 ના નોટિફિકેશન મુજબ મહિલા કર્મચારીને કેટલી ચાઇલ્ડ એડોપ્શન લીવ મળી શકે ?

(A) 180 (B) 150

(C) 145 (D) 135

(32) સરકારી કર્મચારીઓની રજાની સિલકમાં નીચેનામાંથી કઈ રજાઓ જમા થાય છે ?

(A) રૂપાંતરીત રજા (B) પિતૃત્વની રજા

(C) પ્રસૂતિની રજા (D) પ્રાપ્ત રજા

(33) ફિક્સ પગાર ધરાવતા સરકારી શાળાના એક શિક્ષકનો તારીખ : 07/08/2019 ના રોજ પૂરા પગાર યોજનામાં સમાવેશ કરવામાં આવે છે તો તેની રજાની સિલકમાં જુલાઇ 2019 થી ડિસેમ્બર 2019 સુધીની કેટલી અર્ધપગારી રજા એડવાન્સમાં જમા કરવામાં આવશે ?

(A) 6 (B) 7

(C) 10 (D) 8

(34) સામાન્ય રીતે પેન્શનપાત્ર નોકરી પર નિમણૂંક કરવા માટે ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી કેટલા વર્ષ હોવી જોઈએ ?

(A) 20 (B) 18

(C) 28 (D) 35

(35) નોકરીમાં ચાલુ રાખવા બાબતે સરકારી કર્મચારીએ તબીબી પ્રમાણપત્ર મોડામાં મોડુ ક્યાં સુધીમાં રજૂ કરવાનું હોય છે ?

(A) નિમણૂંક તારીખથી સાત માસની નોકરી પૂરી થાય તે પહેલા

(B) નિમણૂંક તારીખથી બાર માસની નોકરી પૂરી થાય તે પહેલા

(C) નિમણૂંક તારીખથી છ માસની નોકરી પૂરી થાય તે પહેલા

(D) નિમણૂંક તારીખથી ચોવીસ માસની નોકરી પૂરી થાય તે પહેલા

(36) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદનાં પ્રાચાર્ય પોતાની જગાનો હવાલો તારીખ : 05/01/2020 ના રોજ સવારે 11:00 કલાકે બીજા અધિકારીને સુપરત કરે છે તો કયા દિવસથી તેઓનો તે જગાના પગાર અને ભથ્થા મેળવવાનો હક રદ થાય ?

(A) તારીખ : 06/01/2020
(B) તારીખ : 05/01/2020
(C) તારીખ : 12/01/2020
(D) ખાતાના વડા નક્કી કરે તે દિવસથી

(37) સરકારી કર્મચારીના રાજીનામાનો અસ્વીકાર નીચેનામાંથી કયા કિસ્સામાં કરી શકાય નહી ?

(A) સરકારી કર્મચારી ફરજમોકૂફી પર હોય
(B) સરકારી કર્મચારી વિરુધ્ધ કોઈ ખાતાકીય તપાસ અપેક્ષિત હોય
(C) સરકારી કર્મચારી પાસે નાણાની કોઈ નિશ્ચિત રકમ સરકારે લેવાની બાકી હોય
(D) સરકારી કર્મચારીના રાજીનામાંથી ખાલી પડતી જગ્યા નજીકના સમયમાં ન ભરાય તેમ હોય

(38) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના સેવા રેકાર્ડની જાળવણી કોણ કરે છે ?

(A) અમદાવાદ અથવા ગાંધીનગરના પગાર હિસાબ અધિકારી
(B) અગ્ર સચિવ, શિક્ષણ
(C) પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી
(D) શિક્ષણ મંત્રી

(39) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 ક્યારથી અમલમાં આવ્યા ?

(A) 15/11/2001
(B) 15/10/2002
(C) 15/12/2002
(D) 15/11/2002

(40) શિક્ષણ વિભાગમાં વર્ષ 2018 માં જુનિયર કારકૂન તરીકે જોડાયેલા કોઈ સરકારી કર્મચારીની સેવાપોથીમાં જન્મતારીખની નોંધમાં સુધારો કરવા માટેની અરજી કેટલા સમય પછી સ્વીકારી ન શકાય ?

(A) તેમની બે વર્ષની સળંગ નોકરી થઈ ગયા પછી
(B) તેમની ત્રણ વર્ષની સળંગ નોકરી થઈ ગયા પછી
(C) તેમની પાંચ વર્ષની સળંગ નોકરી થઈ ગયા પછી
(D) તેમની એક વર્ષની સળંગ નોકરી થઈ ગયા પછી

(41) કચેરીના વડાએ પોતાના નિયંત્રણ હેઠળના કર્મચારીઓને તેમની સેવાપોથી બતાવ્યા અંગેનું પ્રમાણપત્ર તેમના ઉપરી અધિકારીને કયા મહિનાનાં આખર સુધીમાં મોકલવાનું રહેશે ?

(A) ડિસેમ્બર
(B) સપ્ટેમ્બર
(C) જાન્યુઆરી
(D) નવેમ્બર

(42) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 નાં કયા નિયમમાં પોલીસ કર્મચારીઓના સેવાપત્રકની જાળવણી બાબતની જોગવાઈ છે ?

(A) 47
(B) 44
(C) 46
(D) 32

(43) એક વર્ષથી ઓછી નોકરી કરેલ હોય તેવા હંગામી કર્મચારીના કિસ્સામાં રાજીનામાં માટેની નોટિસનો સમય કેટલો હોય છે ?

(A) 3 માસ
(B) 1 માસ
(C) 7 દિવસ
(D) 2 માસ

(44) સરકારી કર્મચારીઓને ફરજ પર જોડાવાનો સમય ક્યારે મળવાપાત્ર હોતો નથી ?

(A) સરકારી કર્મચારીની વિનંતીથી થયેલી બદલીના પ્રસંગે

(B) સરકારી કર્મચારી માટેની ખુલ્લી સ્પર્ધાત્મક પરીક્ષા કે રૂબરૂ મુલાકાતના પરિણામે નવી નિમણૂંક પ્રાપ્ત કરનાર સરકારી કર્મચારીને

(C) મહેકમના ઘટાડાને લીધે સરકારી કર્મચારીને જાહેર હિતમાં બીજી કચેરીમાં ફરી નિમવામાં આવે ત્યારે

(D) પોતાની જૂની જગાનો હવાલો સોંપીને, કોઈ રજા ભોગવ્યા સિવાય નવી જગાએ જોડાવા માટે

(45) એક સરકારી કર્મચારીની કચેરી એક જ મુખ્ય મથકે બદલાય છે તો તેને વધુમાં વધુ કેટલા દિવસ ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર છે ?

(A) 7 (B) 2

(C) 3 (D) 1

(46) બદલીની તારીખથી કેટલા સમયના ગાળામાં સરકારી કર્મચારી પોતાને મળવાપાત્ર નિયમોનુસારનો ફરજ પર જોડાવાનો સમય ભોગવી શકશે ?

(A) 1 માસ (B) 3 માસ

(C) 6 માસ (D) 2 માસ

(47) કોઈ સરકારી કર્મચારીની જાહેર હિતમાં ડાંગથી કચ્છ થાય છે તેઓ કચ્છ પોતાની નવી જગ્યાએ મંગળવારે હાજર થાય છે અને બુધવારથી પછીના સોમવાર સુધી ફરજ પર જોડાવાનો સમય મૂકે છે આ સમયગાળામાં આવતા શનિવારે જાહેર રજા છે તો કેટલા દિવસ ફરજ પર જોડાવાનો સમય થયો ગણાશે ?

(A) 6 દિવસ (B) 5 દિવસ

(C) 4 દિવસ (D) 7 દિવસ

(48) ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, રાજ્યેત્તર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રુખસદ) નિયમો, 2002 નિયમો હેઠળના કોઈ પણ કિસ્સામાં સરકારી કર્મચારીની મળવાપાત્ર ફરજ પર જોડાવાનો સમય કોણ લંબાવી શકે ?

(A) શિક્ષણ વિભાગ (B) સામાન્ય વહીવટ વિભાગ

(C) ખાતાના વડા (D) ગુજરાત સરકાર

(49) એક જ જિલ્લામાં અથવા નિકટવર્તી (સમાન હદ ધરાવતા) જિલ્લામાંની જગાએ બદલીના પ્રસંગે ફરજ પર જોડાવા પ્રવાસ માટે કેટલા દિવસ મળે ?

(A) એક (B) બે

(C) છ (D) સાત

(50) ફરજમોકૂફી દરમિયાન સરકારી કર્મચારીને કેટલો પગાર મળવાપાત્ર છે ?

(A) જો કર્મચારી અડધા પગારની રજા પર હોય અને જે પગાર મળવાપાત્ર હોય તેના જેટલી રકમ, તે રકમ પર નિર્વાહ ભથ્થુ અને મોંઘવારી ભથ્થુ

(B) જો કર્મચારી અડધા પગારની રજા પર હોય અને જે પગાર મળવાપાત્ર હોય તેના જેટલી રકમ, તે રકમ પર નિર્વાહ ભથ્થુ અને વાહન ભથ્થુ

(C) જો કર્મચારી અડધા પગારની રજા પર હોય અને જે પગાર મળવાપાત્ર હોય તેના જેટલી રકમ, તે રકમ પર નિર્વાહ ભથ્થુ અને કાયમી મુસાફરી ભથ્થુ

(D) જો કર્મચારી અડધા પગારની રજા પર હોય અને જે પગાર મળવાપાત્ર હોય તેના જેટલી રકમ, તે રકમ પર સ્થાનિક વળતર ભથ્થુ અને મોંઘવારી ભથ્થુ

(51) ફરજમોકૂફીની મુદત છ માસ કરતાં વધુ થતી હોય અને અધિકારીના માટે આવી મુદત લંબાવવા માટે સરકારી કર્મચારી સીધો જવાબદાર ન હોય તો આવી વધતી મુદત માટે નિર્વાહ ભથ્થામાં તેને પહેલા છ માસ દરમિયાન મળતા નિર્વાહ ભથ્થાની રકમ કરતાં કેટલા ટકા સુધીનો વધારો કરી શકાય ?

(A) 30 (B) 40

(C) 50 (D) 60

(52) ફરજમોકૂફી દરમિયાન સરકારી કર્મચારીનાં નિર્વાહ ભથ્થામાંથી કઈ કપાત ફરજિયાત રીતે ન કરવી પડે ?

(A) ઘરભાડુ (B) સામાન્ય ભવિષ્યનીધિમાં ભરવાનો ફાળો

(C) આવકવેરો (D) વ્યવસાયવેરો

(53) ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રુખસદ) નિયમો, 2002 નાં કયા નિયમમાં સરકારી કર્મચારી ફરજ પર જોડાવાનો સમય પૂરો થયા બાદ ફરજ પર જાણીબૂઝીને ગેરહાજર રહે તો ગેરવર્તણૂંક ગણાવા બાબતની જોગવાઈ છે ?

(A) નિયમ-31 (B) નિયમ-25

(C) નિયમ-30 (D) નિમય-32

(54) ફરજમોકૂફી પર રહેલા સરકારી કર્મચારીની રજા મંજૂર બાબતે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે ?

(A) વધુમાં વધુ 15 પ્રાપ્ત રજા મંજૂર કરી શકાય (B) વધુમાં વધુ 15 અર્ધપગારી રજા મંજૂર કરી શકાય

(C) વધુમાં વધુ 15 રૂપાંતરિત રજા મંજૂર કરી શકાય (D) રજા મંજૂર ન કરી શકાય

(55) ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, રાજ્યેત્તર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રુખસદ) નિયમો, 2002 ના કયા પરિશિષ્ટમાં સરકારી કર્મચારીઓની રાજ્યેત્તર સેવામાં પ્રતિનિયુક્તિ અંગેની પ્રમાણભૂત બોલીઓ અને શરતો આપેલી છે ?

(A) પરિશિષ્ટ-1 (B) પરિશિષ્ટ-3

(C) પરિશિષ્ટ-4 (D) પરિશિષ્ટ-2

(56) ગુજરાત મુલ્કી સેવા નિયમો, 2002 નાં કયા નિયમમાં જોઈનીંગ ટાઈમની વ્યાખ્યા આપેલી છે ?

(A) 9(40) (B) 9(34)

(C) 9(4) (D) 9(48)

(57) ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, રાજ્યેત્તર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રુખસદ) નિયમો, 2002 મુજબ ફરજ પર જોડાવાની તૈયારી માટે કેટલા દિવસ મળે છે ?

(A) 5 (B) 6

(C) 4 (D) 1

(58) સરકારી નોકરીમાં ન હોય તેવા વ્યક્તિઓને સરકાર દ્વારા રહેણાકના આવાસો પટે આપવાના નિયમો નીચેનામાંથી કોણ બનાવે છે ?

(A) નાણા વિભાગ (B) સામાન્ય વહીવટ વિભાગ

(C) માર્ગ અને મકાન વિભાગ (D) શિક્ષણ વિભાગ

(59) સરકારી મકાનમાં રહેતા સરકારી કર્મચારીએ મહિનાના ખંડિત સમયગાળા માટે અધિકૃત ભોગવટાનું (ફ્લેટ રેટ) ભાડું કેટલા દરે ચૂકવવાનું હોય છે ?

(A) એક દિવસના 1/15 ના દરે (B) એક દિવસના 1/30 ના દરે

(C) પુરા મહિનાના દરે (D) ચૂકવવાનું રહેતુ નથી

(60) ગુજરાત મુલ્કી સેવા (સરકારી મકાનોમાં વસવાટ) નિયમો, 2002 માં અર્થઘટન અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે અંગે કોને પૂછાણ કરવામાં આવશે ?

(A) નાણા વિભાગ
(B) સામાન્ય વહીવટ વિભાગ
(C) માર્ગ અને મકાન વિભાગ
(D) શિક્ષણ વિભાગ

(61) સેવા પેન્શન મેળવતા પેન્શનરના અવસાન સમયે રાહત માટેની રકમ માંગણી માટે તિજોરી અધિકારીને અવસાન અંગેના પ્રમાણપત્ર સાથે કયા નમૂનામાં અરજી કરવી પડે ?

(A) નમૂનો-12
(B) નમૂનો-13
(C) નમૂનો-14
(D) નમૂનો-15

(62) પેન્શનના રોકડમાં રૂપાંતર માટે કચેરીના વડાને પેન્શનર કયા નમૂનામાં અરજી કરે છે ?

(A) નમૂનો-18
(B) યથાપ્રસંગ નમૂનો-15 અથવા નમૂનો-16
(C) નમૂનો-17
(D) નમૂનો-19

(63) જો કોઈ પેન્શનર તબીબી સત્તાધિકારી સક્ષમ તબીબી તપાસ માટે ઉપસ્થિત થવામાં ચૂક કરશે અને તે માટેના વાજબી કારણો ન હોય તો તે તબીબી અધિકારીએ તે હકીકતનો અહેવાલ કોને મોકલી આપવાનો હોય છે ?

(A) હોસ્પિટલના ઈન્ચાર્જને
(B) વહીવટી વડા
(C) વહીવટી વિભાગને
(D) સંબંધિત કચેરીના વડા

(64) કુટુંબ પેન્શન યોજના કોને લાગુ પડે છે ?

(A) પેન્શન મહેકમમાં તારીખ : 01/06/1972 ના રોજ કે ત્યાર બાદ નોકરીમાં દાખલ થયેલા સરકારી કર્મચારીને
(B) પેન્શન મહેકમમાં તારીખ : 06/01/1971 ના રોજ કે ત્યાર બાદ નોકરીમાં દાખલ થયેલા સરકારી કર્મચારીને
(C) પેન્શન મહેકમમાં તારીખ : 01/06/1971 ના રોજ કે ત્યાર બાદ નોકરીમાં દાખલ થયેલા સરકારી કર્મચારીને
(D) પેન્શન મહેકમમાં તારીખ : 01/06/1973 ના રોજ કે ત્યાર બાદ નોકરીમાં દાખલ થયેલા સરકારી કર્મચારીને

(65) અવસાન પામેલા સરકારી કર્મચારીનો પુત્ર કુટુંબ પેન્શન મેળવવાનો હક ક્યારે ગુમાવશે ?

(A) તે લગ્ન કરે ત્યારે
(B) પેન્શન સિવાયની તેની વાર્ષિક આવક રૂપિયા 1200 ની થાય ત્યારે
(C) ભણવાનું છોડી દેશે ત્યારે
(D) એ ૨૩ વર્ષની વય પ્રાપ્ત કરે

(66) વર્ગ-4 ના એક સરકારી કર્મચારી 03/10/2020 ના રોજ 58 વર્ષ પૂરા કરે છે તો તે કઈ તારીખે વય નિવૃત્ત થશે ?

(A) 31/10/2020
(B) 31/10/2022
(C) 03/10/2020
(D) 03/10/2022

(67) નીચેનામાંથી કઈ તારીખે નિમણૂંક મેળવનાર સરકારી કર્મચારીની નોકરી ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, 2002 મુજબ પેન્શન પાત્ર નથી ?

(A) 01/05/1996
(B) 31/03/1994
(C) 01/04/2006
(D) 03/07/1994

(68) નીચેનામાંથી કયો પ્રકાર પેન્શનનો નથી ?

(A) ઘા અને ઈજા પેન્શન
(B) અશક્તતા પેન્શન
(C) વળતર પેન્શન
(D) મૃત્યુ પેન્શન

(69) સાત વર્ષની પેન્શન પાત્ર નોકરી ધરાવનાર સરકારી કર્મચારી ચાલુ નોકરીમાં અવસાન પામે છે તો તેમના કુટુંબને કેટલા પગાર મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની રકમ મળે ?

(A) 12 (B) 20
(C) 3.5 (D) 15

(70) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, 2002 ના નિયમ-81, 83 અને 85 ના હેતુ માટે સરકારી કર્મચારી કુટુંબના જુથ-1 ના સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) માતા (B) પિતા
(C) વિધવા પુત્રીઓ (D) ભાઈ

(71) અવસાન પામનાર સરકારી કર્મચારીના માનસિક કે શારીરિક અશક્ત સંતાન જો જીવનનિર્વાહ ચલાવવા અશક્તિમાન હોય તેવા પુત્ર કે પુત્રીને ક્યાં સુધી કુટુંબ પેન્શન મળે ?

(A) તે 24 વર્ષની ઉંમર પ્રાપ્ત કરે ત્યાં સુધી (B) 15 વર્ષ સુધી
(C) 10 વર્ષ સુધી (D) આજીવન

(72) સરકારી કર્મચારી તેના પેન્શનના કેટલા ટકા સુધીની રકમનું રોકડમાં રૂપાંતર કરી શકે છે ?

(A) 30 (B) 40
(C) 50 (D) 20

(73) પેન્શન મંજૂર કરનાર અધિકારીએ સરકારી કર્મચારીની નિવૃત્તિના કેટલા સમય પહેલા પેન્શન હેતુ માટે નમૂના-21 માં કર્મચારીની વિગતો લેવી પડશે ?

(A) 12 માસ (B) 18 માસ
(C) 24 માસ (D) 6 માસ

(74) રાજપત્રિત અધિકારીના કિસ્સામાં તેઓની નિવૃત્તિની તારીખ દર્શાવતુ જાહેરનામું ક્યારે બહાર પાડવામાં આવે છે ?

(A) નિવૃત્તિની તારીખથી એક માસમાં (B) નિવૃત્તિની તારીખથી એક અઠવાડિયામાં
(C) નિવૃત્તિની તારીખથી બે માસમાં (D) નિવૃત્તિની તારીખથી બે અઠવાડિયામાં

(75) ખાતાકીય તપાસ કે કાનૂની કાર્યવાહી ચાલુ હોય પણ નિવૃત્તિના બે વર્ષ પૂરા થયે તેનું પરિણામ ન આવેલ હોય અને નિવૃત્તિ પછી બે વર્ષ વીતી ગયા હોય તો કઈ શરતે મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની ચૂકવણીનાં હૂકમો પેન્શન મંજૂર કરનાર અધિકારી કરશે ?

(A) ગ્રેજ્યુઈટીના 10 ટકા કે રૂપિયા 15000/- બે માંથી જે ઓછું હોય તેટલી રકમ અટકાવવાની શરતે
(B) ગ્રેજ્યુઈટીના 10 ટકા કે રૂપિયા 15000/- બે માંથી જે વધુ હોય તેટલી રકમ અટકાવવાની શરતે
(C) ગ્રેજ્યુઈટીના ૧૦ ટકા કે રૂપિયા 1000/- બે માંથી જે ઓછું હોય તેટલી રકમ અટકાવવાની શરતે
(D) આવા કોઈ હુકમો કરવાની સત્તા પેન્શન મંજૂર કરનાર અધિકારીને નથી

(76) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, 2002 નાં કયા નિયમથી ઘા અથવા ઇજા પેન્શન માટેની કાર્યપધ્ધતિ નક્કી થઈ છે ?

(A) 68 (B) 71
(C) 74 (D) 69

(77) સરકારી કર્મચારીની ખરેખર નિવૃત્તિની તારીખથી કેટલા સમય અગાઉ નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, પેન્શનની ચૂકવણીનો હુકમ અને મૃત્યુ-સહ-ગ્રેજ્યુઈટીનો હુકમ જારી કરશે ?

(A) 12 માસ (B) 5 માસ
(C) 10 માસ (D) 6 માસ

(78) સરકારી નોકરીમાં પ્રથમ નિમણૂંક સમયે કેટલો પગાર મળવાપાત્ર છે ?

(A) નિમણૂંકની જગાના પગાર ધોરણનો મહત્તમ પગાર

(B) સક્ષમ અધિકારી નક્કી કરે તે

(C) નિમણૂંકની જગાના પગાર ધોરણનો ન્યુનતમ પગાર

(D) કહી શકાય નહી

(79) એક કર્મચારીને વધુ જવાબદારીવાળી કે વધુ ફરજોવાળી અન્ય જગાએ બઢતી મળતા તે પોતાનો પગાર નક્કી કરવા અંગેનો વિકલ્પ કેટલા સમયમાં આપી શકે ?

(A) બઢતીની તારીખથી એક વર્ષ

(B) બઢતીની તારીખથી ત્રણ માસ

(C) બઢતીની તારીખથી એક માસ

(D) બઢતીની તારીખથી છ માસ

(80) કોઈ સરકારી કર્મચારીનો અજમાયશી સમયગાળો બે વર્ષનો છે અને તે અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કરે છે તો તેનો પગાર અજમાયશી સમય બાદ કેટલો નક્કી થાય ?

(A) અજમાયશી સમયનો માત્ર ઈજાફો મળે

(B) અજમાયશી સમયનો માત્ર પગારનો તફાવત મળે

(C) અજમાયશી સમયને ઈજાફાપાત્ર ગણીને પગાર ધોરણમાં તેનો પગાર નક્કી કરવામાં આવશે અને પાછલો તફાવત ચૂકવવામાં આવશે

(D) અજમાયશી સમયનો ઈજાફો કે તફાવત કશુ જ ન મળે

(81) એક સિનિયર કર્મચારીનો પગાર જુનિયર કર્મચારી કરતાં ઓછો નક્કી થાય તો તેવી વિસંગતતા નિયમોનુસાર કેવી રીતે દૂર કરી શકાય ?

(A) રીવર્ઝન

(B) પ્રમોશન

(C) ડીમ્ડ ડઇટ

(D) સ્ટેપિંગ અપ

(82) જગાના પગાર ધોરણમાં ફેરફાર થતાં પગાર બાંધણીના વિકલ્પનો ઉપયોગ નવું પગાર ધોરણ મંજૂર કરતાં હુકમોની તારીખથી કેટલા સમયમાં કરી શકાય ?

(A) બે માસ

(B) ત્રણ માસ

(C) ચાર માસ

(D) છ માસ

(83) સરકારી કર્મચારીએ આપેલી ખોટી માહિતીને કારણે ક્ષતિયુક્ત બઢતી અપાયેલી હોય તો કેવા પગલાં લેવાના હોય છે ?

(A) સરકારી કર્મચારી સામે માત્ર ખાતાકીય તપાસ કરવી

(B) સરકારી કર્મચારી સામે ખાતાકીય તપાસ કરવી અને વધુ ચૂકવાયેલા પગાર તથા ભથ્થાની વસૂલાત કરવી

(C) કોઈ કાર્યવાહી ન કરવાની હોય

(D) સરકારી કર્મચારી સામે માત્ર વધુ ચૂકવાયેલા પગાર તથા ભથ્થાની વસૂલાત કરવી

(84) સરકારી કર્મચારીએ સરકારના હુકમથી લેધેલ તાલીમનો સમયગાળો ફરજ તરીકે ગણવાની જોગવાઈ ગુજરાત મુલ્કી સેવા નિયમો, 2002 ના કયા નિયમમાં છે ?

(A) 8

(B) 9(24)

(C) 7

(D) 9(23)

(85) સરકારી કર્મચારી ધારણાધિકાર ધરાવતો હોય તે જગા માટે કયા સમયગાળા દરમિયાન તેને ઈજાફો મળવામાત્ર નથી ?

(A) અસાધારણ રજાના સમયનો

(B) તાલીમના સમયનો

(C) ફરજ પર જોડાવના સમયનો

(D) પ્રાપ્ત રજાના સમયનો

(86) એકજ કચેરીની કે ખાતાની બીજી સમકક્ષ જગાનો વધારાનો હવાલો સંભાળવા બદલ સરકારી કર્મચારીને કેટલો વધારાનો પગાર મળે ?

(A) સંભવી પગારના સાત ટકા
(B) સંભવી પગારના દસ ટકા
(C) સંભવી પગારના પાંચ ટકા
(D) વધારાનો પગાર મળે નહી

(87) જગા ધરાવતા કર્મચારીની રજાના કારણે ખાલી પડેલી જગાનો વધારાનો હવાલો સંભાળવા માટે ખાસ પગાર મંજૂર કરવાની કચેરીના વડાને કેટલી સત્તા છે ?

(A) ત્રણ માસથી વધારે સમય માટે ખાલી પડેલ ન હોય તેવી જગા માટે
(B) ત્રણ માસથી વધુ પરંતુ છ માસથી ઓછી મુદત માટે ખાલી પડેલ જગા માટે
(C) બાર માસ સુધી ખાલી પડેલ જગા માટે
(D) દશ માસ સુધી ખાલી પડેલ જગા માટે

(88) ફરજમોકૂફી પર રહેલા સરકારી કર્મચારીની જગાના પગાર ધોરણમાં ફેરફાર થતા તેની પગારની બાંધણી માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) વિકલ્પ ન આપી શકે
(B) વિકલ્પ આપી શકે
(C) સક્ષમ અધિકારીની મંજૂરીથી જ વિકલ્પ આપી શકે
(D) સરકારની મંજૂરીથી જ વિકલ્પ આપી શકશે

(89) સ્થાનિક વળતર ભથ્થા માટે જામનગર કયા વર્ગનું શહેર છે ?

(A) એ-1
(B) એ
(C) બી-1
(D) બી-2

(90) સરકારી કર્મચારીનું મુખ્ય મથક અમદાવાદ છે. સક્ષમ અધિકારી દ્વારા આ કર્મચારીને રાજકોટ શહેરમાં રહેવાની પરવાનગી આપવામાં આવી છે તો કર્મચારીને મળતા સ્થાનિક વળતર ભથ્થા માટે નીચેનામાંથી શું સાચું છે ?

(A) અમદાવાદ શહેર પ્રમાણે સ્થાનિક વળતર ભથ્થુ મળે
(B) ગાંધીનગર શહેર પ્રમાણે સ્થાનિક વળતર ભથ્થુ મળે
(C) રાજકોટ શહેર પ્રમાણે સ્થાનિક વળતર ભથ્થુ મળે
(D) સ્થાનિક વળતર ભથ્થુ ન મળે

(91) પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય અને બંને પોતાની માલિકીના મકાનમાં સાથે રહેતા હોય તો ઘરભાડા ભથ્થાની આકારણી માટે નીચેનામાંથી શું સાચું છે ?

(A) માત્ર પતિ ઘરભાડા ભથ્થુ આકારી શકે
(B) માત્ર પત્ની ઘરભાડા ભથ્થુ આકારી શકે
(C) પતિ અને પત્ની બંને ઘરભાડા ભથ્થુ આકારી શકે
(D) પતિ અને પત્ની બે માંથી કોઈ પણ ઘરભાડા ભથ્થુ આકારી શકે નહી

(92) જોઇનીંગ ટાઈમ દરમિયાન સ્થાનિક વળતર ભથ્થા કયા દરે મળવાપાત્ર છે ?

(A) જે સ્થળેથી સરકારી કર્મચારીની બદલી થયેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે
(B) જે સ્થળે સરકારી કર્મચારીની બદલી થયેલ હોય તે સ્થળે મળવાપાત્ર દરે
(C) સ્થાનિક વળતર ભથ્થા મળવાપાત્ર નથી
(D) નક્કી કરી શકાય નહી

(93) નીચેનામાંથી કયો પ્રકાર વળતર ભથ્થાનો પ્રકાર નથી ?

(A) પ્રોજેક્ટ ભથ્થુ
(B) ડાંગ ભથ્થુ
(C) સ્ટેશનરી ભથ્થુ
(D) ઘરભાડા ભથ્થુ

(94) નાણાં વિભાગમાં તારીખ : 13/01/2020 ના ઠરાવ પ્રમાણે રાજ્ય સરકારના કર્મચારીઓને કઈ તારીખથી મૂળ પગારના 17 ટકા લેખે મોંઘવારી ભથ્થા મળવાપાત્ર છે ?

(A) 01/01/2020
(B) 01/07/2019
(C) 13/01/2020
(D) 01/07/2020

(95) કાયમી મુસાફરી ભથ્થુ નીચેનામાંથી કોને મળવાપાત્ર છે ?

(A) સરકારી શાળાના શિક્ષકને
(B) મદદનીશ શિક્ષણ નિરીક્ષકને
(C) અનુદાનિત શાળાના આચાર્યને
(D) જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા કારકૂનને

(96) હકદાર ન હોય તેવા સરકારી કર્મચારી હવાઈ મુસાફરી કરે તો તેને મુસાફરીનું કેટલું ભાડુ મળે ?

(A) હવાઈ મુસાફરીમાં ખરેખર થયેલ ખર્ચ જેટલું
(B) રેલ્વેના જે વર્ગની મુસાફરી માટે તે હકદાર હોય તે વર્ગનું રેલ્વે ભાડુ
(C) હવાઈ મુસાફરીમાં ખરેખર થયેલ ખર્ચ જેટલું અથવા રેલ્વેના જે વર્ગની મુસાફરી માટે તે હકદાર હોય તે વર્ગનું રેલ્વે ભાડુ એ બે માંથી જે વધુ હોય તેટલું
(D) હવાઈ મુસાફરીમાં ખરેખર થયેલ ખર્ચ જેટલું અથવા રેલ્વેના જે વર્ગની મુસાફરી માટે તે હકદાર હોય તે વર્ગનું રેલ્વે ભાડુ એ બે માંથી જે ઓછુ હોય તેટલું

(97) સરકારી કર્મચારીની 5 કલાકની મુખ્ય મથકની ગેરહાજરી માટે તેને કેટલા દરે દૈનિક ભથ્થુ મળવાપાત્ર છે ?

(A) દૈનિક ભથ્થાના 50 ટકાના દરે
(B) દૈનિક ભથ્થાના 30 ટકાના દરે
(C) દૈનિક ભથ્થાના 20 ટકાના દરે
(D) દૈનિક ભથ્થાના 15 ટકાના દરે

(98) સરકારી કર્મચારીને પ્રવાસ દરમિયાન રહેવા અથવા જમવાનું મફત આપવામાં આવ્યું હોય ત્યારે તેને કયા દરે દૈનિક ભથ્થુ મળવાપાત્ર થાય ?

(A) મળવાપાત્ર દૈનિક ભથ્થાના 1/4 દરે
(B) મળવાપાત્ર દૈનિક ભથ્થાના 1/2 દરે
(C) મળવાપાત્ર દૈનિક ભથ્થાના 1/3 દરે
(D) નક્કી કરી શકાય નહી

(99) નાણાં વિભાગના તારીખ : 20/10/2015 ના ઠરાવ મુજબ રાજ્ય સરકારના ફિક્સ પગારના કર્મચારીને 6 કલાકથી વધુ ને 12 કલાકથી ઓછા સમય માટે ફરજના હેતુ માટે મુખ્ય મથકથી બહાર રોકાણ થાય તો તેમને કેટલું દૈનિક ભથ્થુ મળવાપાત્ર છે ?

(A) રૂપિયા 50/-
(B) રૂપિયા 120/-
(C) રૂપિયા 240/-
(D) રૂપિયા 100/-

(100) ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો, 2002 મુજબ દિવસ એટલે કેટલો સમય ?

(A) સૂર્યોદયથી શરૂ થઈ સૂર્યાસ્ત સુધીનો સમય
(B) સૂર્યોદયથી શરૂ કરી બીજા દિવસના સૂર્યોદય સુધી
(C) મધરાતથી શરૂ થઈ બીજા દિવસની મધરાત સુધીનો સમય
(D) 12 કલાકથી વધુ સમય

## SPACE FOR ROUGH WORK

**SPACE FOR ROUGH WORK**

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરિક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**